1. શૈવ ધર્મમાં કયા કયા પંથો જોવા મળે છે?

➢ શૈવ ધર્મમાં લકુલેશ, પાશુપત, માહેશ્વર, લિંગાયત જેવા જુદા જુદા પંથો જોવા મળે છે.

2. વૈષ્ણવ સંપ્રદાયની રચના કઈ ઊર્મિઓ પર થયેલી હતી?

➢ વૈષ્ણવ સંપ્રદાયનાં મૂળ વેદોમાંની દેવોની સ્તુતિઓમાં હતાં. ઈશ્વર પર પ્રેમ રાખવો, ઈશ્વરને શરણે જવું, ઈશ્વરને પોતાના જીવન સર્વસ્વ જેવો લેખવો; વગેરે ઊર્મિઓ પર વૈષ્ણવ સંપ્રદાયની રચના થયેલી છે.

3. મલબારમાં પ્રથમ ખ્રિસ્તી દેવળ (ધર્મસમાજ)ની સ્થાપના કોણે કરી ?

➢ મલબારમાં પ્રથમ ખ્રિસ્તી દેવળ (ધર્મસમાજ)ની સ્થાપના સંત થોમસ (ટોમસે) કરી.

4. કયો પલ્લવ રાજાએ ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો હતો?

➢ પલવ રાજા ગોન્ડોફેનિસે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો હતો.

5. ફાહિયાને કયા બૌદ્ધ ગ્રંથોનું ચીની ભાષામાં ભાષાંતર કર્યું,

➢ ફાહિયાને 'મહાપરિનિવણિ સૂત્ર' અને 'વિનયપિટક' જેવા બૌદ્ધ ગ્રંથોનું ચીની ભાષામાં ભાષાંતર કર્યું.

6. ગુપ્તકાલીન સ્થાપત્યના કયા પાંચ પ્રકાર છે?

➢ ગુપ્તકાલીન સ્થાપત્યના આ પાંચ પ્રકારે છે : (1) મદિર (2) ગુફા સ્થાપત્ય, (3) સ્તૂપો, (4) સ્તંભો અને (5) મૂર્તિ સ્થાપત્ય

7. બાઘની ગુફાઓ ક્યાં આવેલી છે?

➢ બાઘની ગુફાઓ મધ્ય પ્રદેશમાં ગ્વાલિયર પાસે આવેલી છે.

8. આર્યભટ્ટે ગણિતશાસ્ત્રનો કયો ગ્રંથ લખ્યો હતો?

➢ આર્યભટ્ટ ગણિતશાસ્ત્રનો 'આર્યભટ્ટીય' ગ્રંથ લખ્યો હતો.

9. વરાહમિહિરે જ્યોતિષશાસ્ત્રના કયા ત્રણ ભાગ પાડ્યા?

➢ વરાહમિહિરે જ્યોતિષ શાસ્ત્રના આ ત્રણ ભાગ પાડ્યા : (1) તંત્ર, (2) હોરા અને (3) સંહિતા..

10. ગુપ્તયુગમાં કયાં બંદરોની જાહોજલાલી હતી?

➢ ગુપ્તયુગમાં ખંભાત (સ્તંભતીથી, ગુકરછ (ભરૂચ), તામ્રલિપ્તિ (તામલક) અને સોપારા (સૂયર ક) બંદરોની જાહોજલાલી હતી.

11.ચીનના કયા રાજાએ બૌદ્ધ ધર્મને રાજ્યાશ્રય આપી રાજયધર્મ બનાવ્યો ?

- ચીનના શહેનશાહ મિંગ-તિ-એ બૌદ્ધ ધર્મને રાજ્યાશ્રય આપી રાજયધર્મ બનાવ્યો.

12.કંબોજની રાજધાની કઈ હતી?

- કંબોજની રાજધાની અંગકોરવાટ હતી.